
# શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

# પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો

## ધોરણ – ૩





# ગુજરાતી

## સત્ર – ૨




shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education







વર્ગ શિક્ષકશ્રીનું નામ : ..................................................

વર્ગ : ..............

શાળાનું નામ : ...............................................................

તાલુકો : ........................... જિલ્લો : ................................

**ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.**

શિક્ષણ સાગર

# પ્રાસ્તાવિક

## સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગશિક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

**પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?**

**જવાબ** : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે – તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન – અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન – અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક – A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક – A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન – અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે – તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરું આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન – અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક –A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે – તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન – રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

# રચનાત્મક મુલ્યાંકન પત્રક — વિષય- ગુજરાતી — ધોરણ - 3 — (દ્રિતીય સત્ર)

**શાળાનું નામ :** **તા.** **પત્રક :– A** **સને : 2022–23**

| ક્ર.નં | વિદ્યાર્થીનું નામ | 6. બતક અને અથવા પણ હંસ | | | | 7. એક છલાંગે દરિયો કૂદો | | | | 8. કીડી હતી કે હાથી હશે ? | | | | | 9. રંગબેરંગી મસાલિયું | | | | 10. ચાલો સૌને રમત મુબારક | | | શિક્ષણ સાગર | | | ૪૦ માંથી મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | G3.01 વાર્તા, ગીતો, કાવ્યો, વાર્તાની અને ઉખાણાં, જોડકણાં, ટુચકા તેમજ સંવાદો સમજી શકે છે. | G3.02 પરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સાંભળી સમજી શકે છે. | G3.04 વિનંતીઓ, સૂચનાઓ, આદેશો અને પ્રશ્નો વાંચી અને લખી શકે છે. | G3.12 પ્રશ્નો પૂછી શકે છે અને પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપી શકે છે. | G3.07 શબ્દ–શબ્દ વચ્ચેની સમાનતા સમજી અને સરળ વાક્યો (મુકવાચન અને મુખવાચન) દ્વારા મુખ્ય વિચાર સમજી શકે છે. | G3.10 કાવ્યો, ગીતો, મુખપાઠ કરી હાવભાવ સાથે જૂથમાં રજૂ કરી શકે છે. | G3.21 બે કે ત્રણ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી શકે છે. | G3.30 ચિત્રો જોઈ સમજીને સાદા વાક્યમાં વર્ણન કરી શકે છે. | G3.11 પરિચિત વસ્તુઓ તથા પશુ–પક્ષીઓનું વર્ણન કરી શકે છે. | G3.14 સ્પષ્ટ અને સુવાચ્ય લેખન કરી શકે છે. | G3.16 પ્રશ્નોના જવાબ બે–ત્રણ વાક્યોમાં લખી શકે છે. | G3.26 શાબ્દિક કે સાંકેતિક સૂચનાઓને અનુસરી શકે છે. | G3.30 ચિત્રો જોઈ સમજીને સાદા વાક્યમાં વર્ણન કરી શકે છે. | G3.12 પ્રશ્નો પૂછી શકે છે અને પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપી શકે છે. | G3.14 સ્પષ્ટ અને સુવાચ્ય લેખન કરી શકે છે. | G3.20 શબ્દ રમત દ્વારા નવો શબ્દ બનાવી શકે છે. | G3.20 શબ્દ રમત દ્વારા નવો શબ્દ બનાવી શકે છે. | G3.02 પરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સાંભળી સમજી શકે છે. | G3.03 રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાતો દ્વારા સમજ કેળવી શકે છે | G3.24 ચિત્રને આધારે વર્ણન કરે છે. | સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા | | | |
| | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | √ | ? | × | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

# ધોરણ ૩ ગુજરાતી  એકમ ૬. બતક અને અથવા પણ હંસ

**(1) G3.01 વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો અને ઉખાણાં, જોડકણાં, ટુચકા તેમજ સંવાદો સમજી શકે છે.**

**પ્રશ્ન ૧. "ઊંચા ઊંચા ડુંગર ચઢશું ગીતને આધારે લખો.**

ચડવું - ચડીશું
ઊતરવું - ઊતરીશું
તરવું - તરશું
______ - ફરશું.
____- કરશું
મલકવું - ________
ચરવું - ________
_______- ગાશું

**(2) G3.02 પરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સાંભળી સમજી શકે છે.**

**પ્રશ્ન ૧. ઉદાહરણ જુઓ, કૌંસમાં આપેલ શબ્દનો ઉપયોગ કરી વાક્યો ફરીથી બનાવો. કયું વાક્ય સાચુ લાગે છે તેની સામે......કરો.**

**ઉદાહરણ** : મમતા અને પૂજા વાતો કરે છે. (પણ, કે)
મમતા કે પૂજા વાતો કરે છે.

૧. હું આવીશ પણ મમ્મી નહીં આવે. (અને, અથવા)
...........................................................................................
...........................................................................................

૨. મને વરસાદમાં નહાવું ગમે પણ મારા કપડાં પલળે એ ન ગમે (અને, અથવા)
...........................................................................................
...........................................................................................

**(3) G3.04 વિનંતીઓ, સૂચનાઓ, આદેશો અને પ્રશ્નો વાંચી અને લખી શકે છે.**

**પ્રશ્ન ૧. હું તો ચિત્ર જોઈને લખું.**

૧. ચિત્રમાં________બતક છે. (ચાર, પાંચ, છે)
૨. ચિત્રમાં________ બતકને કલગી છે. (બે, ચાર, એક)
3. ચિત્રમાં__________ હંસનું બચ્ચું છે. (એક, બે, ત્રણ)
૪. ચિત્રમાં___________ બતકનાં બચ્ચાં છે. (એક, ત્રણ, ચાર)
૫. ચિત્રમાં સૌથી મોટું પક્ષી____________છે. (બતક, હંસ, કાગડો)

(4) G3.12 પ્રશ્નો પૂછી શકે છે અને પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપી શકે છે.

**પ્રશ્ન ૩. હુંય શીખું તુંય શીખ.**

૧. હુંય = હું પણ અમેય =______________________

૨. તુંય =________________ તમેય =______________

૩. આમેય.=_______________ કેમેય = _____________

# ધોરણ ૩ ગુજરાતી  એકમ ૭. એક છલાન્ગે દરિયો કુદ્યો

(5) G3.07 શબ્દ-શબ્દ વચ્ચેની સમાનતા સમજી અને સરળ વાક્યો (મુકવાચન અને મુખવાચન) દ્વારા મુખ્ય વિચાર સમજી શકે છે.

**પ્રશ્ન ૧. પ્રશ્નોના જવાબ કાવ્ય પરથી આપો.**

હનુમાનજી, દેજો સંદેશો મારા રામને
આટલું કે જો મારા રામને ....... હનુમાનજી.
અશોકવનમાં ઝૂરી રહી છું,
રામના વિયોગની વેદના સહું છું,
વહેલા મોકલજો મારા રામને ... હનુમાનજી
લંકાની નગરી તો સોને મઢેલી
રાક્ષસોની ભૂમિ છે દગા ભરેલી
એવું કહેજો મારા રામને .. હનુમાનજી
લંકાની નગરીનો રાજા રાવણ છે.
દસ એના મસ્તક ને વીસ એના હાથ છે,
ચેતાવી દેજો મારા રામને ...હનુમાનજી

**પ્રશ્નો**

૧. હનુમાનજી સંદેશો આપે તો એ શું બન્યા કહેવાય?
(અ) ડૉક્ટર (બ) દૂત (ક) શિક્ષક (ડ) વિદ્યાર્થી

૨. "રામના વિયોગની વેદના સહું છું" એટલે.....
(અ) રામના આવવાની રાહ જોઉં છું.
(બ) રામ નથી, આથી દુ:ખી છું.
(ક) રામની બદલે હું વેદ વાંચું છું.
(ડ) રામ સાથે નથી જવું તોય એ પરાણે લઈ જશે એટલે દુ:ખી છું.

૩. "વહેલા મોકલજો મારા રામને..." આવું હનુમાનજીને કોણ કહે છે?
(અ) રાવણ (બ) સૈનિક (ક) માતા અંજલી (ડ) સીતા

૪. "માથું" શબ્દ માટે કાવ્યમાં ક્યો શબ્દ છે?
(અ) મસ્તક (બ) મારા (ક) રાજા (ડ) હાથ

**(6) G3.10 કાવ્યો, ગીતો, મુખપાઠ કરી હાવભાવ સાથે જૂથમાં રજૂ કરી શકે છે.**

**પ્રશ્ન ૧. નીચેના વાક્યો કોણ બોલે હાવભાવ મુજબ રજુ કરશે**

૧. પૂંછડી મારી સાજી રહી. (હનુમાન ! રાવણ)---------------- -------

૨. હનુમાન, આજે તો આપણે નહીં રમીએ, મારે બહુ કામ છે. (માતા, હનુમાન)

૩. મહારાજ, આ વાનર તો બહુ જ ડાહ્યો છે. તેણે આપણી અશોકવાટિકામાં કોઈ જ નુકસાન નથી કર્યું. (સૈનિક, રાવણ)------------------------------------

૪. આ વાનરને જેલમાં ન પૂરતા, તેનું સન્માન કરો.(રાવણ, હનુમાન) --------------

૫. તમે આસન નહીં આપો તો ચાલશે હું ઊભો રહીશ. (રામ, હનુમાન) ---------------

## G3.21 બે કે ત્રણ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી શકે છે.

**પ્રશ્ન ૧.** પાઠમાં આવતા કેટલાક શબ્દોના અર્થ આપવામાં આવ્યા છે. તેને જોઈને તેની સામે પાઠમાં આવતા તેના સમાનાર્થી શબ્દ શોધો અને તે વાક્ય ફરીથી લખો. (તેમાં [ ] માં આપેલ ક્રમ એ પાના નંબર છે. જેથી તમને એ શબ્દ શોધવામાં સરળતા રહેશે.)

ઉદાહરણ : ધીમે ધીમે હસવું – મરક મરક હસવું [૧૦૪]

એ તો મરક મરક હસતા રહ્યા.

૧. થોડા થોડા સમયે ___________________________________[૧૦૪]

વાક્ય:______________________________________________

૨. દરિયાને પાર કરીને _________________________________[૧૦૭]

વાક્ય:______________________________________________

૩. બગાડી નાખવું ______________________________________[૧૦૭]

વાક્ય:______________________________________________

## G3.30 ચિત્રો જોઈ સમજીને સાદા વાક્યમાં વર્ણન કરી શકે છે.

**પ્રશ્ન ૧ . જાહેરાત જુઓ અને પ્રશ્નોના જવાબ આપો.**

એકલવ્ય પ્રાથમિક શાળા – વડોદરા

"છોટા હનુમાન હરીફાઈ"

સૌથી ઊંચું કૂદો અને ઇનામ જીતો

સમય: સવારે ૮ થી ૧૧ (ફક્ત શાળાનાં બાળકો માટે જ)

તારીખ: ૩ જાન્યુઆરી, ૨૦૨૧ – શનિવાર

સ્થળ: શાળાનું મેદાન

સંપર્ક

પવનકુમાર

મોબાઈલ ૯૧૧૧૧૧૨૧૧૩

૧. સ્પર્ધાનું નામ શું છે?

_______________________________________________

૨. સ્પર્ધા શેની છે?

_______________________________________________

૩. સ્પર્ધાનો સમય શો છે?

_______________________________________________

૪. સ્પર્ધા કઈ શાળાના મેદાનમાં હશે?

_______________________________________________

૫. શું અમદાવાદમાં ભણતાં બાળકો સ્પર્ધામાં ભાગ લઈ શકશે?

_______________________________________________

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર

# ધોરણ ૩ ગુજરાતી એકમ ૮. કીડી હતી કે હાથી હશે

## (9) G3.1 શબ્દો અને વાક્યોમાં જરૂરી સંકેતોનો ઉપયોગ યોગ્ય રીતે કરે છે.

પ્રશ્ન ૧. વાક્ય સાચું બનાવી ફરીથી લખો.

ઉદાહરણ હું અત્યારે ગુજરાતી ભણું હતો. (છું, હોઇશ)

હું અત્યારે ગુજરાતી ભણું છું.

૧. રેશ્મા આવતીકાલે મારા ઘરે આવી છે. (આવશે, આવી હતી)

________________________________________

૨. મમ્મીએ ગઈકાલે મને બહુ જ હસાવશે. (હસાવે છે, હસાવ્યો)

________________________________________

૩. ત્રીશા અને લબ્ધિ દરરોજ નિશાળે આવી ગયા. (આવ્યા હતા, આવે છે)

________________________________________

૪. દાદાના ચશ્મા ખોવાઈ ગયા, મેં નથી સંતાડું. (સંતાડીશ, સંતાડ્યા)

________________________________________

૫. મને પરી અને રાજાની વાર્તા બહુ જ ગમે હતી. (છે, હશે)

________________________________________

## (10) G3.3 કથનવર્ણનાત્મક લખાણમાંથી અર્થ તારવી શકે છે.

ઉદાહરણ- પંખીઓ ગીતો ગાય છે. ( હું ) હું ગીતો ગાઉં છું.

૧ ઘર પર કાગડો બેઠો હતો. ( કબૂતર )

________________________________________

૨ મમ્મી મારી રાહ જોતી ઊભી હતી. (પપ્પા)

________________________________________

૩ ટાંકી પાણીથી ભરેલી નથી. ( જગ )

________________________________________

## (11) G3.13 ભાષા સજ્જતા યાને વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો–સમજતો થાય છે તથા એનો વ્યવહારુ ઉપયોજન કરી શકે છે.

**પ્રશ્ન ૧. નીચેનાં પ્રાણીઓ ક્યાં સંતાય તો તેમનો થપ્પો થઈ જાય એ શોધી જોડકાં જોડો.**

| કીડી | ટેબલ ઉપર<br>દરમાં<br>ધાબા ઉપર |
|---|---|
| કબૂતર | ડાળ ઉપર<br>મોટા ગુલાબના છોડના કૂંડા પાછળ<br>ઝાડના થડ પાછળ |

| કૂતરું | ધાબાની પાળી ઉપર<br>નાનકડા બારણા પાછળ<br>ટાંકીમાં |
|---|---|
| મોર | પહાડ પાછળ<br>ઝાડ ઉપર<br>ઘરની દીવાલ પાછળ |
| હાથી | ઘરની બારી પાસે<br>પહાડ પાછળ<br>નાના પહાડ ઉપર |
| માછલી | નાના પથ્થર ઉપર<br>કમળના પાંદડા પર<br>તળાવના તળિયે |

**(15) G3.14 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.**

**૧. નીચેના શબ્દો જુઓ, જોડો, બોલો અને લખો :**

**(1)** દ્રુઋષ્ટિ – દષ્ટિ : ................

**(2)** ભદ્ર – ભદ્ર : ................

**(3)** રુદ્ર – રુદ્ર : ................

**(4)** ચંદ્ર – ચંદ્ર : ................

**(5)** અદ્ઋશય – અદશ્ય : ................

**(6)** સ્રુજન – સૃજન : ................

**ઉત્તર :** આદ્યા – આદ્યા

**(10)** વિદ્યા –વિદ્યા : ................

**ઉત્તર :** વિદ્યા –વિદ્યા

# ધોરણ ૩ ગુજરાતી એકમ ૯. રંગબેરંગી મસાલીયું

**G3.12 પ્રશ્નો પૂછી શકે છે અને પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપી શકે છે.**

**પ્રશ્ન: ૧ બાળકો પ્રશ્ન પૂછશે અને જવાબો આપશે સામે સામે**

૧.તમારું નામ શું છે...?

૨. તમારા પરિવાર માં કેટલા સભ્યો છે...?

૩.તમે કેટલા ધોરણ માં ભણો છો...?

4. તમારે કેટલા મિત્રો છે...?

5.તમારો શોખ કયો છે..?

**G3.14 સ્વચ્છ અને સુવાચ્ય લેખન કરી શકે છે.**

**પ્રશ્ન ૧. ફકરાનું સારા અક્ષૂરે ફરીવાર લખો.**

સ્વીટુને અવનવી વસ્તુઓ બનાવવી ખૂબ ગમે. ક્યારેક તે રસોડામાંથી ચપ્પ અને પપ્પાની કાતર લઈને બેસે. તેને તપાસવું હોય કે બેમાંથી વધારે અણીદાર શું? પપ્પા દોડીને આવે અને સ્વીટુને સમજાવે. “વાગી જાય.” ક્યારેક વળી તે ઘરના ઝાંપા પર હીંચકો ખાય તો ક્યારેક હીંચકાના સળિયા પર ચઢી જાય. કોઈ હાંફળા–ફાંફળાં થઈ આવે અને ઉતારીને પૂછે, “શું કરે છે?” સ્વીટુ સામો પ્રશ્ન પૂછે, “બેમાંથી શું ઊંચું?”

**G3.20 શબ્દ રમત દ્વારા નવો શબ્દ બનાવી શકે છે.**

## G3.20 શબ્દ રમત દ્વારા નવો શબ્દ બનાવી શકે છે.

**૩૦. નીચેનાં શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :**

(1) નાજુક = ...............
(2) ફૂલ = ...............
(3) ઉદાસ = ...............
(4) ચિંતા = ...............
(5) ભોળી = ...............
(6) લલચાઈ =...............

**૩૧. નીચેનાં શબ્દોના વિરોધી શબ્દો લખો :**

(1) મીઠું X ...............
(2) તડકો X...............
(3) મોટી X ...............
(4) કઠણ X ...............
(5) ધીમે X ...............
(6) ભોળી X ...............

શિક્ષણ સાગર

# ધોરણ ૩ ગુજરાતી એકમ ૧૦. ચાલો સૌને રમત મુબારક

G3.02 પરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સાંભળી સમજી શકે છે.

**પ્રશ્ન ૩. મને વાંચીને જવાબ આપવા બહુ ગમે.**

એને આમ લટકતો જોઈને એક વડીલને બીક લાગી. છોકરો કદાચ પડી જશે. એમણે કહ્યું, બિલે! આમ ઊંધા લટકીને હીંચકા ન ખવાય. કદાચ વાગી બેસશે." વડીલની શિખામણ બિલેના ગળે ન ઉતરી એટલે એમણે કહ્યું. "અરે! આ ઝાડ પર તો બ્રહ્મરાક્ષસ નામનું ભૂત રહે છે. એ આવી જશે." બિલે ખડખડાટ હસી પડ્યો. એણે કહ્યું ભૂત આવશે તો હું એને પણ મારા ભેગો હીંચકા ખવડાવીશ." વડીલ તો આંખો ફાડીને એને જોઈ જ રહ્યા. આપણો બિલે તો વડલાની ડાળે ટાંટિયા લટકાવીને મોજથી હીંચકતો રહ્યો.

આ બિલેનું સાચું નામ હતું નરેન્દ્ર. આપણે સહુ તેમને સ્વામી વિવેકાનંદ તરીકે ઓળખીએ છીએ.

**ફકરા પરથી પ્રશ્નના જવાબ આપો:**

૧. "શિખામણ બિલેના ગળે ન ઊતરી' નો અર્થ નીચેનામાંથી ક્યા વાક્ય જેવો થાય?

(અ) બિલેને શિખામણ ગળામાં અટકી ગઈ.

(બ) બિલેએ શિખામણ ન માની.

(ક) એ શિખામણ બિલેને ન સમજાઈ.

૨. "તુંય મારા ભેગો રમ ને" નો અર્થ ...

(અ) તું જ મારી સાથે રમ.

(બ) તું પણ મારી સાથે રમ

(ક) તું મારી સાથે ન રમીશ તો હું તને ભાગ આપીશ.

૩. ઊંધા ＊ સીધા :: હસ્યો x

૪. વડીલ તો નવાઈ પામીને એને જોઈ જ રહ્યા. – લીટી કરેલ શબ્દો માટે ફકરામાં કયો શબ્દ વાપર્યો છે તે જુઓ અને ફરીથી વાક્ય નીચે લખો.

G3.03 રમતો, પ્રવૃતિઓ, મુલાકાતો દ્વારા સમજી કેળવી શકે છે

**પ્રશ્ન ૧. તમે યોજેલ પ્રવાસ માંથી શું શીખ્યા વિશે ચાર-પાંચ વાક્ય લખીશ પણ ખરો.**

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

**G3.24 ચિત્રને આધારે વર્ણન કરે છે.**

**પ્રશ્ન ૧. બગીચામાં બાળકો રમે છે તેમાંથી "તમારી પ્રિય રમત વિશે ચાર–પાંચ વાક્ય લખો.**

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------


---------------------------------------------

---------------------------------------------

શિક્ષણ સાગર

# शिक्षण सागर

**આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.**



धोरण – ३ CLICK HERE

धोरण – ४ CLICK HERE



धोरण – ५ CLICK HERE

धोरण – ६ CLICK HERE

धोरण – ७ CLICK HERE

धोरण – ८ CLICK HERE

shikshansagar.com · शिक्षण सागर · The King of Education

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .


૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સએપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION